# વડોદરા મહાનગરપાલિકા
## આરોગ્ય વિભાગ

**તદ્દન હંગામી ધોરણે ૧૧ માસ કરાર આધારિત ઈસમો લેવા અંગેની જાહેરાત**

**(પી.આર.ઓ. જાહેરાત ક્રમાંકઃ ૨૬૦/૨૦૧૮-૧૯)**

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | કેટેગરી | ખાલી જગ્યા પૈકી શારીરીક ખોડખાંપણવાળા ઉમેદવારો માટે |
|---|---|---|---|---|
| ૧ | પબ્લિક હેલ્થ વર્કર | ૧૯૧ | અ.જા. – ૧૩<br>અ.જ.જા. – ૨૮<br>સા.શૈ.પ.વ.– ૫૧<br>બિન અનામત – ૯૯ | ૦૫ |

**(૧) શૈક્ષણિક લાયકાત તથા અનુભવઃ**

(૧) ધોરણઃ૧૨ પાસ તથા સરકાર માન્ય સેનેટરી ઈન્સપેક્ટરનો કોર્સ પાસ

**અથવા**

સરકાર માન્ય મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરનો કોર્સ પાસ

(૨) વડોદરા મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગમાં અગાઉ ક્ષેત્રિય ફરજ બજાવેલ ઉમેદવારો માટે ધોરણ–૧૦ પાસ તથા સરકાર માન્ય સેનેટરી ઈન્સપેક્ટરનો કોર્સ પાસ અથવા સરકાર માન્ય મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરનો કોર્સ પાસ.

(૩) સરકાર માન્ય કોમ્પ્યુટર બેઝીક કોર્સ પાસ.

(૪) આરોગ્યલક્ષી કામગીરીના અનુભવ ધરાવતાં ઉમેદવારને પ્રાધાન્ય

(૫) વડોદરા શહેરના ઉમેદવારને પ્રાધાન્ય આપવામાં આવશે.

**(૨) માસિક મહેનતાણુઃ** માસિક રૂ.૧૦,૦૦૦/– (ઉચ્ચક)

**(૩) ઉંમરઃ** જાહેરાતની તારીખે ૩૦ વર્ષથી વધુ નહી.

વડોદરા મહાનગરપાલિકાના અરોગ્ય વિભાગમાં અગાઉ ક્ષેત્રિય ફરજ બજાવેલ ઉમેદવારો માટે જાહેરાતની તારીખે ૫૯ વર્ષથી વધુ નહીં.

**(૪) નિંમણુંકની મુદ્દતઃ** તદ્દન હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારીત.

## **આરોગ્ય વિભાગના વાહકજન્ય તથા પાણીજન્ય રોગ નિયંત્રણલક્ષી ક્ષેત્રીય કામગીરી માટે તદ્દન હંગામી ધોરણે ૧૧ માસ કરાર આધારિત ઈસમો લેવા અંગેની જાહેરાત**

### **જાહેરાતની સામાન્ય શરતો**

1. ઉપર જણાવેલ જગ્યા માટે ઉમેદવારી કરતાં પહેલાં ઉમેદવારે પોતે જરૂરી પાત્રતા ધરાવે છે કે નહીં તેની ખાત્રી કરવી.
2. રસ ધરાવતા ઉમેદવારોએ **તા.૩૦/૦૬/૨૦૧૮ (૧૧–૦૦ કલાક) થી તા.૦૬/૦૭/૨૦૧૮(૨૩–૫૯ કલાક)** દરમ્યાન **www.vmc.gov.in** વેબસાઇટ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે. ઓનલાઇન અરજી કરતાં પહેલા જરૂરી માહિતી તેમજ સુચનાઓ **www.vmc.gov.in** ઉપરથી વાંચી લેવાની રહેશે.
3. **શૈક્ષણિક માહીતી:** દરેક પોસ્ટ માટેની શૈક્ષણિક માહીતી જો સામેલ **education qualification details** માં ના હોય તો **OTHER1** અને કોમ્પુટર કોર્ષ ની માહીતી **OTHER2** માં ભરવી.
4. **અનામતઃ** ગુજરાત સરકારશ્રી દ્ધારા માન્ય કરેલ હોય તેવા અનુ.જાતિ, અનુ.જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને જ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે આ અંગે ગુજરાત રાજયના સક્ષમ અધિકારીશ્રી દ્ધારા ઇશ્યુ કરાયેલ જાતિ અંગેનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.
5. **વયમર્યાદાઃ** જાહેરાતની તારીખે ૩૦ વર્ષથી વધુ નહી વડોદરા મહાનગરપાલિકાના અરોગ્ય વિભાગમાં અગાઉ ક્ષેત્રિય ફરજ બજાવેલ ઉમેદવારો માટે જાહેરાતની તારીખે ૫૯ વર્ષથી વધુ નહીં.
6. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૦૯–૦૨–૧૯૯૬ ના ઠરાવ થી નિયત થયેલ પરિશિષ્ટ–ક ના નમુનામાં નાણાકીય વર્ષ–૨૦૧૬–૧૭ નું તા.૧/૪/૨૦૧૬ પછીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.
7. ઉમેદવારે નિયત અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ કચેરી દ્ધારા માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે અન્યથા અરજીપત્રક જે તે તબક્કે રદ ગણવામાં આવશે.
8. ઉમેદવારે અરજીમાં દર્શાવેલ કેટેગરીમાં પાછળથી કેટેગરી બદલવાની રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.
9. ઉમેદવારે સરકાર માન્ય સંસ્થામાંથી જગ્યાને અનુરૂપ C C C લેવલનો કોમ્પ્યુટર કોર્ષ અવશ્ય પાસ કરેલ હોવો જોઇએ.

10. પ્રક્રિયા દરમ્યાન જો કોઇ ઉમેદવાર દ્વારા સીધી અથવા આડકતરી રીતે રાજકીય કે અન્ય કોઇ રીતે ભલામણના પ્રયાસ કરનાર ઉમેદવાર ગેરલાયક ઠરશે.

11. ઉમેદવારે અરજી પત્રકમાં કોઇ પણ વિગત ખોટી બતાવેલ હશે અને તે ધ્યાનમાં આવશે તો તેનું અરજીપત્રક/નિમણુંક કોઇ પણ તબકકે રદ કરવામાં આવશે.

12. આ જાહેરાત અન્વયેની આગળની પ્રક્રિયા અંગે લેખિત પરિક્ષા/મૌખિક ઇન્ટરવ્યુ બાબતે વડોદરા મહાનગરપાલિકા ના સક્ષમ અધિકારીશ્રી દ્વારા નિર્ણય કરવામાં આવશે.

13. પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી/લેખિત/મૈખિક કસોટી માટે બોલાવવામાં આવતા ઉમેદવારોને કોઇપણ જાતનું મુસાફરી ભથ્થુ મળવા પાત્ર થશે નહીં.

14. આ જાહેરાત કોઇ પણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સંપૂર્ણ હક્ક/અધિકાર મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,વડોદરા ને રહેશે.

15. ઉમેદવારને ઓનલાઇન અરજી કર્યા બાદ જાહેરાત સંબંધી અન્ય કોઇ સુચના માટે www.vmc.gov.in વેબસાઇટ સતત જોતા રહેવા અનુરોધ છે.

**તા. ૨૮–૦૬–૨૦૧૮.**

**ડે.મ્યુનિ.કમિશ્નર**
**વડોદરા મહાનગરપાલિકા**